# દિવાળી વેકેશનની 30% ટૂર કેન્સલ

**મોંઘી** ફ્લાઈટ અને રેલવે બુકિંગની કટોકટીથી સહેલાણીઓ અટવાયા

**ટિકિટ્સના** વધુ ભાડાથી દિવાળી વેકેશનની ઇન્ટરનેશનલ ટૂરનાં બુકિંગ પણ ખોરવાયાં

**દૂરનાં** રાજ્યોમાં જવાને બદલે સુરતીઓ નજીકનાં પ્રવાસન સ્થળોએ જવાનું વધુ પસંદ કરી રહ્યા છે

સુરતઃ દિવાળી વેકેશન નજીક આવી રહ્યું છે ત્યારે પ્રવાસના શોખીન સુરતીઓ માટે આ વખતે આયોજન કરવું મુશ્કેલ બની ગયું છે. ટ્રેનોમાં લાંબુ વેઈટિંગ અને ટિકિટોના ધાંધિયાને કારણે ચાલુ વર્ષે અંદાજે 20થી 30 ટકા જેટલા ડોમેસ્ટિક ટૂર પ્લાન કેન્સલ થયા હોવાનું સામે આવ્યું છે. ટૂર ઓપરેટર કુલદીપ સોનીના જણાવ્યા અનુસાર, ટ્રેન ટિકિટ ઉપલબ્ધ ન હોવાને લીધે ઘણા લોકોએ પોતાના અગાઉથી નક્કી કરેલા પ્લાન પડતા મૂક્યા છે અથવા તેમાં ફેરફાર કર્યો છે. બીજી તરફ, રેલવેના વિકલ્પ તરીકે ફ્લાઈટ પસંદ કરવી પણ સામાન્ય માણસના બજેટની બહાર જઈ રહી છે. તહેવારોના દિવસોમાં ડોમેસ્ટિક ફ્લાઈટની ટિકિટોના ભાવ બે ગણા થઈ ગયા છે, જેને કારણે હવાઈ મુસાફરી દ્વારા પ્લાનિંગ કરવું અત્યંત મુશ્કેલ બન્યું છે. આ પરિસ્થિતિને પગલે લોકો હવે દૂરના રાજ્યોમાં જવાને બદલે પોતાના ઘરની નજીકના પ્રવાસન સ્થળોએ જવાનું વધુ પસંદ કરી રહ્યા છે, જેથી ટ્રેન કે ફ્લાઈટના બુકિંગ વગર પણ વેકેશન માણી શકાય.










## સચિનમાં ખાડીમાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળ્યો

સુરતઃ સચિન કોમ્યુનિટી હોલ પાછળ કબ્રસ્તાન નજીક આવેલી ખાડીમાંથી નવજાત બાળકીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. પાલિકાના કર્મચારીએ ખાડીના પાણીમાં બાળકીનો મૃતદેહ તરતો જોતાં પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જેથી સચિન પોલીસ, 108 એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી. ફાયર બ્રિગેડે ખાડીમાંથી ગુલાબી રંગનું ઝબલું, ટોપી અને ડાયપર પહેરેલી નવજાત બાળકીની લાશ બહાર કાઢી હતી.

## વેસુમાં સ્કૂટર સ્લિપ થયા બાદ કાર અડફેટે યુવકનું મોત

સુરત : વેસુમાં 24 વર્ષીય અનિકેત કમલ સરાફનું અકસ્માતમાં મોત થયું હતું. મૂળ ઝારખંડનો અને હાલ વેસુમાં પરિવાર સાથે રહેતો અનિકેત કાપડ માર્કેટમાં નોકરી કરતો હતો. ગઈકાલે રાત્રે નોકરી પરથી સ્કૂટર પર ઘરે પરત ફરતી વખતે અગ્રવાલ સ્કૂલ સામે તેનું સ્કૂટર સ્લિપ થતાં તે રોડ પર પટકાયો હતો. દરમિયાન પાછળથી આવેલી ફોરવ્હીલ તેના શરીર પરથી ફરી વળતાં ગંભીર ઈજા થઈ હતી. 108થી હોસ્પિટલ લઈ જવાતાં તબીબે મૃત જાહેર કર્યો હતો.

## ડભોલીમાં પાંચમા માળેથી પટકાતાં કામદારનું મોત

સુરત : મૂળ યુપી અને હાલ પુણાગામના સુરતીનગરમાં ૨૪ વર્ષીય રીંકુ રામછબીલે કનોજીયા ભાઈઓ સાથે રહેતો હતો અને પીઓપીનું કામ કરતો હતો. આજે બપોરે ડભોલી ચાર રસ્તા પાસે આવેલ વ્હાઇટ હાઉસના પાંચમા માળે રીંકુ ભાઈઓ સાથે પીઓપીનું કામ કરી રહ્યો હતો. ત્યારે રીન્કુ નીચે પટકાતા ખાનગી હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

## પતિ સાથેના ઝઘડા બાદ પરિણીતાએ જીવન ટૂંકાવ્યું

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં પતિ સાથેના ઝઘડા બાદ 31 વર્ષીય પરિણીતાએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મૂળ બિહાર અને વિનાયક નગરમાં રહેતો રિંકુ જયસ્વાલ દારૂના નશામાં ઘરે આવ્યા બાદ પત્ની કિરણને બોલાચાલી થઈ હતી. ત્યારબાદ કિરણે ઘરે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાધો હતો. સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં તબીબે તેને મૃત જાહેર કરી હતી.

## ત્રીજા માળેથી પટકાયેલા બે વર્ષના બાળકનું મોત

સુરતઃ મૂળ બિહાર અને હાલ ભેસ્તાન-ઉન પાટિયા સ્થિત તિરૂપતિ નગરમાં રહેતા અફઉલ્લા અંસારી દરજી કામ કરે છે. તેમનો બે વર્ષનો પુત્ર સુફિયાન ગત 17 સપ્ટેમ્બરે સાંજે ઘરના ત્રીજા માળે રમી રહ્યો હતો. દરમિયાન રમતા રમતા તે નીચે પટકાતા ગંભીર ઈજા થઈ હતી. પરિવારજનોએ તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. બે દિવસની સારવાર બાદ ગઈકાલે રાત્રે ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

# કતારગામના ઓડિટોરિયમમાં પ્રથમવાર નાટ્ય સ્પર્ધા યોજાશે

**આગામી** તા.27મી સપ્ટેમ્બરથી મનપાની આ નાટ્ય સ્પર્ધાનો પ્રારંભ થશે અને તા.6ઠ્ઠી ઓક્ટોબરે પૂર્ણાહુતિ થશે

સુરતઃ છેલ્લા 32 વર્ષથી સુરત મનપા દ્વારા યોજાતી નાટ્યસ્પર્ધા આ વખતે પ્રથમવાર કતારગામ ખાતેના નવા ઓડિટોરિયમમાં યોજાશે.

કતારગામના આ આધુનિક ઓડિટોરિયમમાં સ્પર્ધાનું આયોજન થવાથી નાટ્યપ્રેમી શ્રોતાઓ તેમજ સ્ટેજ પર પર્ફોર્મ કરનાર નાટ્યકારો બંને માટે એક તદ્દન નવો અનુભવ રહેશે. આ સ્પર્ધા તા. 27/09/2026 થી 06/10/2026 દરમિયાન દરરોજ રાત્રે 8.30 કલાકે (પ્રથમ અને અંતિમ નાટક રાત્રે 8.00 કલાકે) યોજાશે. નાટ્યપ્રેમી શહેરીજનો સરળતાથી જોડાઈ શકે તે માટે દરેક નાટકની ટિકિટનું ઓનલાઈન બુકિંગ તા. 21/09/2026 ના રોજ સવારે 11:00 કલાકથી શરૂ કરી દેવામાં આવશે. નાગરિકો મનપાના સત્તાવાર ડિજિટલ માધ્યમો, ક્યૂઆર કોડ અને આપેલા લિંકથી ટિકિટ બુક કરી શકશે. સુરત મનપા દ્વારા નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી ગુજરાતી રંગભૂમિ અને કલાકારોને પ્રોત્સાહિત કરવા અપીલ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે સુરતીઓ નાટ્ય સ્પર્ધાની રાહ જોતાં હોય છે અને સ્પર્ધામાં સારા નાટકો પણ જોવા મળે છે.

### ક્યું નાટક ક્યારે ભજવાશે?

| | |
|---|---|
| 27/09/2026 (રવિવાર) | વિલન |
| 28/09/2026 (સોમવાર) | આંખોની પેલે પાર |
| 29/09/2026(મંગળવાર) | ડ્રાયફ્રુટ લાપસી |
| 30/09/2026 (બુધવાર) | માયાજાળ |
| 01/10/2026 (ગુરુવાર) | ફંદી |
| 02/10/2026 (શુક્રવાર) | ગુલઝારીલાલ ગાયબ |
| 03/10/2026 (શનિવાર) | દિલ છે હિન્દુસ્તાની |
| 04/10/2026 (રવિવાર) | પરણેલાની પૂંછડી વાંકી |
| 05/10/2026 (સોમવાર) | પેશન્ટ નંબર-11 |
| 06/10/2026 (મંગળવાર) | કાળીદાસ |

# ચોક બજારના ઐતિહાસિક ચર્ચમાંથી 46 હજારની ચોરી

**બારી** તોડી મોઢે રૂમાલ બાંધી ઘૂસેલા તસ્કરે તિજોરીમાંથી રૂ.36 હજાર રોકડ, સાઉન્ડ સ્પીકર ચોરી લીધું

સુરતઃ ચોકબજાર ખાતે આવેલા સી.એન.આઈ. ક્રાઈસ્ટ ચર્ચના કમ્પાઉન્ડમાં રહેતા અને છેલ્લા ચારેક મહિનાથી પાદરી તરીકે સેવા આપતા ૪૭ વર્ષીય રમેશભાઈ રમણભાઈ કટારા ગત ૧૪ સપ્ટેમ્બરના રોજ સવારે દશેક વાગ્યે ચર્ચના કેર ટેકર રૂજવેલભાઈ સોલંકી સાથે ચર્ચમાં ગયા હતા. તે સમયે ઓફિસના દરવાજાનું તાળું તૂટેલું હતું. ઉપરાંત રોકડ મૂકવાની તિજોરી પણ ખુલ્લી હોવાથી પાદરીને ચોરી થયાની શંકા ગઈ હતી.

ચર્ચમાં લગાવેલા સીસીટીવી ફૂટેજ ચકાસતાં માલૂમ પડ્યું હતું કે, ૧૪ સપ્ટેમ્બરના રોજ રાત્રિના ૨:૧૦ થી ૪:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન પેન્ટ-શર્ટ પહેરેલો અને મોઢા પર કપડું બાંધેલો એક અજાણ્યો ચોર ચર્ચની પાછળની બારી ખોલીને અંદર પ્રવેશ્યો હતો. ત્યારબાદ તેણે મેઈન ઓફિસનું તાળું તોડી તિજોરીમાંથી રોકડા રૂ. ૩૬,૦૦૦ તથા ઓફિસમાં રાખેલું MUSIMAX કંપનીનું રૂ. ૧૦,૦૦૦ ની કિંમતનું મલ્ટીમીડિયા સ્પીકર ચોરી લીધું હતું. ચોરીની ઘટના બનતાં ચર્ચના ટ્રસ્ટીઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ પાદરી રમેશભાઈ કટારાએ લાલગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે મોઢે રૂમાલ બાંધીને ચોરી કરનાર અજાણ્યા તસ્કર વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે.

# બેરિયાટ્રિક કે મેટાબોલિક સર્જરી માત્ર કોસ્મેટિક સારવાર નથી

**વીમા** કંપનીની દલીલો ફગાવી ગ્રાહકને થયેલાં સર્જરીનો ખર્ચ વ્યાજ સાથે ચુકવવા કમિશને હુકમ કર્યો

સુરતઃ આધુનિક યુગમાં અસંખ્ય લોકો સ્થૂળતા (ઓબેસીટી)થી પીડાઈ રહ્યા છે અને તેના નિવારણ માટે કરાતી બેરિયાટ્રીક સર્જરી કોસ્મેટિક સર્જરી નથી તેવો ચુકાદો ગ્રાહક કોર્ટે આપ્યો છે. સુરતના પીપલોદ વિસ્તારમાં રહેતા ફરિયાદી ટી. એમ. અગ્રવાલને અતિશય વજન તેમજ મેટાબોલિક સિન્ડ્રોમ જેવી ગંભીર તબીબી સમસ્યાનું નિદાન જુલાઈ ૨૦૨૧માં થયું હતું. તબીબી સલાહ અનુસાર તેમણે મુંબઈની હોસ્પિટલમાં જીવનરક્ષક ઈમરજન્સી સર્જરી કરાવી હતી, જેનો કુલ ખર્ચ રૂ. ૪,૯૦,૮૬૬ થયો હતો. સારવાર બાદ વીમા કંપની સમક્ષ નિયમ મુજબ ક્લેઈમ રજૂ કરવામાં આવ્યો હતો. પરંતુ વીમા કંપનીએ પોલિસીની શરત બતાવીને ક્લેઈમ નામંજૂર કર્યો હતો. આથી, સેવા ક્ષતિ સામે ફરિયાદીએ એડવોકેટ શ્રેયસ દેસાઈ, ઈશાન શ્રેયસ દેસાઈ અને પ્રાચી અર્પિત દેસાઈ મારફત સુરત જિલ્લા ગ્રાહક કમિશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી પક્ષે દલીલ કરાઈ હતી કે આ સર્જરી સૌંદર્ય વધારવા માટે નહીં, પરંતુ દર્દીની ગંભીર તબીબી સ્થિતિને કારણે જરૂરી બની હતી. ચોક્કસ માપદંડો પૂર્ણ થતા હોય ત્યારે બેરીયાટ્રિક સર્જરીને વીમા કવર હેઠળ આવરી લેવાની જોગવાઈ છે. બન્ને પક્ષની રજૂઆત બાદ ગ્રાહક કોર્ટે વીમા કંપનીને રૂ. રૂ. ૪,૯૦,૮૬૬ વ્યાજ સાથે ફરિયાદીને ચુકવવા હુકમ કર્યો હતો.

# લિંબાયતમાં ખાડી કિનારે કેમિકલયુક્ત વેસ્ટ ઠાલવી ભાગતો ટેમ્પો પકડાયો

**મનપાની** ટીમે ટેમ્પો ચાલકને પકડીને તેને રૂપિયા 6 હજારનો દંડ કર્યો

સુરત : શહેરમાંથી પસાર થતી ખાડીઓની સફાઈ અને જાળવણી મનપા તંત્ર માટે કાયમી માથાનો દુખાવો બની ગઈ છે. લિંબાયત ઝોનમાંથી પસાર થતી ખાડી કિનારે વસેલી વસાહતો તેમજ ઔદ્યોગિક એકમો દ્વારા જાહેરમાં કચરો અને કેમિકલયુક્ત ઔદ્યોગિક વેસ્ટ ઠાલવવાની પ્રવૃત્તિ સતત વધતી રહી છે.

હવે લિંબાયત ઝોને ખાડી કિનારે કચરો ફેંકનારાઓ સામે અભિયાન હાથ ધર્યું છે. છેલ્લા ત્રણ જ દિવસમાં નિયમભંગ કરનારા વિવિધ ઔદ્યોગિક એકમો અને સ્થાનિક રહીશો પાસેથી 8,000 થી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે





આ અભિયાન અંતર્ગત લિંબાયત ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા ખાડી કિનારાના વિસ્તારોમાં રાત-દિવસ સઘન પેટ્રોલિંગ અને વોચ ગોઠવવામાં આવી રહી છે. આવી જ એક સરપ્રાઈઝ તપાસમાં અધિકારીઓએ ટેમ્પો ચાલક પાસેથી સ્થળ પર જ રૂપિયા 6,000નો વહીવટી દંડ વસૂલ કર્યો હતો, સાથે જ ભવિષ્યમાં આવી પ્રવૃત્તિ પુનરાવર્તિત થશે તો વાહન સીઝ કરવા સહિતની કડક કાનૂની કાર્યવાહી કરવાની આકરી ચેતવણી પણ આપી હતી. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ જ દિવસમાં નિયમભંગ કરનારા વિવિધ ઔદ્યોગિક એકમો અને સ્થાનિક રહીશો પાસેથી 8,000થી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

# વેપારી સાથે ફ્લેટ વેચવાના નામે 9.50 લાખની છેતરપિંડી

**નોટરી** કરાર કરી સંપૂર્ણ રકમ લીધા બાદ ફ્લેટનો કબજો નહીં સોંપતાં બે સગા ભાઈઓ સામે રાંદેર પોલીસમાં ગુનો

સુરત : અમરોલીના કોસાડની અભિષેક રેસીડેન્સીનો ફ્લેટ વેચવાના નામે બે ભાઈઓએ પાલનપુર પાટીયાના વેપારી પાસેથી રૂપિયા 9.50 લાખ મેળવી લીધા હતા. બાદમાં વેપારીને ફ્લેટનો કબજો નહીં સોંપી તેમજ નાણાં પરત કરવાનો ઈનકાર કરતા મામલો રાંદેર પોલીસમાં પહોંચ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર પાટિયાની વૈભવનગર સોસાયટીમાં રહેતા અને ખાજાનો વેપાર કરતા કેતનભાઈ કિશોરભાઈ પટેલ (ઉં.વ.36) મકાન ખરીદવા માટે મિત્ર અને પ્રોપર્ટી દલાલ આનંદભાઈના સંપર્કમાં આવ્યા હતા. તેમના મારફતે પીયુષભાઈ કિસ્મતભાઈ રજોડીયા અને મનોજભાઈ કિસ્મતભાઈ રજોડીયા (બંને રહે. અભિષેક રેસીડેન્સી, કોસાડ-અમરોલી, મૂળ વતન તાજપર, જિ.બોટાદ) સાથે મુલાકાત થઈ હતી. બંને ભાઈઓએ કોસાડની અભિષેક રેસિડેન્સીના 'એફ' બિલ્ડિંગના ચોથા માળે આવેલો ફ્લેટ નં.403 વેચવાનો હોવાનું જણાવ્યું હતું.

સપ્ટેમ્બર 2022માં રૂ.9.50 લાખમાં સોદો નક્કી કરી 16 સપ્ટેમ્બરે નોટરી કરાર કરાયો હતો. વેપારીએ સંપૂર્ણ રકમ રોકડેથી ચૂકવી હતી. બે મહિનામાં કબજો આપવાનો વાયદો છતાં કબજો ન મળતા અને રકમ પરત ન કરતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## બિલ્ડિંગના ફ્લેટમાં દરવાજો લોક થતાં દોઢ વર્ષનું બાળક ફસાયું

સુરતઃ જહાંગીરપુરા સ્થિત વૈષ્ણોદેવી સ્કાય હાઈટ્સ નામની બિલ્ડિંગમાં શનિવારે સાંજે ફ્લેટનો દરવાજો બંધ થતાં તેમાં એક દોઢ વર્ષનુ બાળક ફસાઈ ગયુ હતુ. તેનુ રેસક્યુ કરવા માટે ફાયર બ્રિગેડની મદદ લેવી પડી હતી. સબ ફાયર ઓફિસર મહેશ પટેલનાં જણાવ્યા મુજબ તેમને ફાયર કંટ્રોલ રૂમ તરફથી સાંજે 4:00 કલાકે કોલ મળ્યો હતો કે,વૈષ્ણોદેવી સ્કાઈ નામની બિલ્ડિંગનાં ફ્લેટ-નં-1002માં દરવાજો લોક થતા દોઢ વર્ષિય બાળક ફસાઈ ગયું છે.માતા આગળનાં રૂમમાં હતાં અને તેમનો બાળક જિનાશ શાહ બેડરૂમમાં રમી રહ્યો હતો. બાળકનાં રડવાનો અવાજ સાંભળી પહેલાં માતાએ જાતે જ દરવાજો ખોલવાના પ્રયાસો કર્યા હતા. બાદ ફાયર બ્રિગેડને જાણ કરતાં સ્થળ પર પહોંચી દરવાજો તોડી બાળકને બચાવી લીધું હતું.

# પાર્કિંગમાં કારનો કાચ ખુલ્લો રહી જતાં રૂ.૫૦ લાખની ચોરી

**તસ્કરે** ૧.૨૦ લાખ અને લેપટોપ સાથેની બેગ પાર્કિંગમાં જ ફેંકીને ચાલતી પકડી

સુરત : વેસુની શુકન રેસિડેન્સીમાં રહેતા ૩૦ વર્ષીય નરેન્દ્ર જૈન ભેસ્તાન ડાયમંડ ક્લાસિક પાર્કમાં 'દર્પણ ટેક્સટાઈલ' નામે કાપડનો વેપાર કરે છે. ગત ૧૭ સપ્ટેમ્બરે તેઓ ભાગીદાર સુજીતકુમાર પાંડે સાથે મશીન ખરીદવાના કામ અર્થે પાંડેસરા સ્થિત કોટક મહિન્દ્રા બેંકમાંથી રૂપિયા ૩.૭૦ લાખ રોકડા ઉપાડ્યા હતા.

ત્યારબાદ બપોરે આશરે સાડા ત્રણેક વાગ્યે નરેન્દ્રભાઈ પોતાની કિયા સેલ્ટોસ કાર (GJ-05-RT-5727) લઈને મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ-૧ના 'G' વિંગના બેઝમેન્ટ પાર્કિંગમાં આવ્યા હતા. તેમણે રોકડ રકમ અને લેપટોપ ભરેલી બેગ કારની પાછળની સીટ પર મૂકી હતી અને કાર પાર્ક કરી માર્કેટમાં ઓર્ડર આપવા ગયા હતા.

દરમિયાન, ભૂલથી કારની ડ્રાઈવર સીટ તરફનો કાચ અડધો ખુલ્લો રહી ગયો હતો. સવા ચારેક વાગ્યે વેપારી પરત આવ્યા ત્યારે બેગ ગાયબ જણાઈ હતી. તપાસ દરમિયાન પાર્કિંગના એક્ઝિટ ગેટ પાસેથી સિક્યુરિટી ગાર્ડને એક બિનવારસી બેગ મળી આવી હતી. તપાસ કરતાં તે બેગ નરેન્દ્રભાઈની જ હોવાનું ખુલ્યું હતું. બેગમાંથી લેપટોપ અને રૂપિયા ૧.૨૦ લાખ રોકડા સલામત મળી આવ્યા હતા, જ્યારે રૂપિયા ૨.૫૦ લાખ રોકડા ગાયબ હતા. તસ્કરે ખુલ્લા કાચનો લાભ ઉઠાવી બેગ ચોરી લીધી હતી અને તેમાંથી રૂપિયા ૨.૫૦ લાખ રોકડા કાઢીને બાકીનો મુદ્દામાલ પાર્કિંગમાં જ ફેંકીને ચાલતી પકડી હતી. આ અંગે નરેન્દ્ર જૈને ફરિયાદ નોંધાવતાં પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પંજાબ નેશનલ બેંક, સુરત મંડળમાં સાત નવી શાખાઓનો ભવ્ય શુભારંભ




સુરતઃ પંજાબ નેશનલ બેંક, સુરત મંડળ હેઠળ સાત નવી શાખાઓનો શુભારંભ વિનિશ કુમાર ચાવલા, અંચલ પ્રબંધક, અમદાવાદ અંચલના કરકમળો દ્વારા કરવામાં આવ્યો. આ પૈકી પાંચ શાખાઓનું ઉદ્ઘાટન ડિજિટલ માધ્યમથી જ્યારે બે શાખાઓનું ઉદ્ઘાટન પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ પ્રસંગે વિનિશ કુમાર ચાવલાએ પંજાબ નેશનલ બેંકની ગૌરવશાળી વિરાસત અને રાષ્ટ્રનિર્માણમાં બેંકની ભૂમિકા અંગે પ્રકાશ પાડ્યો હતો. મંડળ પ્રમુખ અમિત કુમારે ઉપસ્થિત તમામ ગ્રાહકોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપ-મંડળ પ્રમુખ રવિ કુમાર, મુખ્ય પ્રબંધક મતી આસ્થા અગ્રવાલ, મુખ્ય પ્રબંધક અનુજ ઓબેરોય, શાખા પ્રબંધક-ગૌરવપથ નિખિલ અહિવાલા, શાખા પ્રબંધક-માસમા પ્રતીક વઘેલા, નવી શાખાઓના પ્રબંધકો, અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ બેંકના સન્ ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતા.

### સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાને પ્રથમ રાજભાષા કીર્તિ પુરસ્કાર મળ્યો



સુરતઃ ભારત સરકારના ગૃહ મંત્રાલયના સત્તાવાર ભાષા વિભાગ દ્વારા 14-15 સપ્ટેમ્બર, 2026 ના રોજ નવી મુંબઈમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાને સત્તાવાર ભાષાના ઉત્કૃષ્ટ અમલીકરણ માટે પ્રથમ રાજભાષા કીર્તિ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. પ્રથમ પુરસ્કાર તરીકે રજૂ કરાયેલ સત્તાવાર ભાષા શિલ્ડ, બેંકના એમડી અને સીઈઓ કલ્યાણ કુમાર દ્વારા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહના હાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને સુનેત્રા પવારની હાજરીમાં પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે, બેંકના એમડી અને સીઈઓ કલ્યાણ કુમાર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મહેન્દ્ર દોહરે, ચીફ જનરલ મેનેજર-ઓફિશિયલ લેંગ્વેજ, કુશલ પાલ, આસિસ્ટન્ટ જનરલ મેનેજર-ઓફિશિયલ લેંગ્વેજ, હિતેન્દ્ર ધુમલ અને દેશભરમાં પોસ્ટ કરાયેલા બેંકના ઓફિશિયલ લેંગ્વેજ અધિકારીઓએ ભાગ લીધો હતો.

### વેસુના ખાટુશ્યામ મંદિરમાં 5100 દીવાથી થઈ મહાઆરતી



સુરતઃ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે વીઆઈપી રોડ સ્થિત શ્રી શ્યામ મંદિર, સુરત ધામમાં 5100 દીવાથી સંધ્યા આરતી કરવામાં આવી હતી . શ્યામ સેવા ટ્રસ્ટ ના વરિષ્ઠ ઉપાધ્યક્ષ સંજય સરાવગીએ જણાવ્યું કે આ પ્રસંગે હજારો શ્યામ ભક્તોએ પોતાના હાથમાં દીવો લઈને બાબાની આરતી કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દીર્ઘાયુષ્ય તેમજ ઉત્તમ સ્વાસ્થ્ય ની કામના કરી હતી . આ પ્રસંગે બાબા શ્યામ નો અદ્ભુત શૃંગાર કરવામાં આવ્યો અને સમગ્ર મંદિર પરિસરને દીવાની રોશનીથી શણગારવામાં આવ્યો હતો.

### ભાદરવા નવરાત્રિની પૂર્ણાહુતિએ રામાપીરની નેજા યાત્રા યોજાશે

સુરતઃ વાડી ફળિયા સાર્વજનિક લાલ પરિવાર નેજા સંઘ ખાંડાકૂવા, વાડી ફળિયા, રાંદેર રોડ દ્વારા ભાદરવા નવરાત્રી ની પૂર્ણાહુતિ નિમિત્તે ભગવાન શ્રી રામદેવજી મહારાજની નેજા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રતિવર્ષની પરંપરા મુજબ લાલ પરિવાર નેજાધારી પદયાત્રા સંઘ, મહિલા મંડળ તથા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે ભાદરવા સુદ નોમ, તા. ૨૦ સપ્ટેમ્બરના રવિવારે સવારે ૯ વાગ્યે ખાંડાકૂવા, વાડી ફળિયા, રાંદેરથી યાત્રાનો પ્રારંભ થશે. યાત્રામાં માનતાના પંચરંગી, સપ્તરંગી અને નવરંગી નેજા-નિશાન સાથે મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. યાત્રા રાંદેરથી જહાંગીરપુરા સ્થિત રામમઢી સુધી યોજાશે. આયોજકો દ્વારા રામદેવજી મહારાજના ભક્તોને યાત્રામાં જોડાઈ ધાર્મિક પરંપરામાં સહભાગી બનવા તેમજ યાત્રાને યોગ્ય સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

### પર્યુષણ વ્યાખ્યાનમાળા અને પર્યુષણ સ્પર્ધાઓના આયોજકો અને ટીમ દ્વારા ક્ષમાપના

સુરતઃ હાલમાં સંપન્ન થયેલ પર્વાધિરાજ પર્યુષણ અને તેના નિમિત્તે છેલ્લા સાત વર્ષથી સતત યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા તથા ૩૨મી 'ધ સુપર સ્પીકર એન્ડ કલ્ચરલ કોન્ટેસ્ટ' અંતર્ગત યોજાતી 'ધ જૈન સુપર સ્પીકર એન્ડ કલ્ચરલ કોન્ટેસ્ટ'ની તમામ સ્પર્ધાના આયોજકો દ્વારા સમસ્ત લોકોને ક્ષમાપના પાઠવવામાં આવે છે. આ ઉપરાંત, પશુ- પક્ષીઓની હોસ્પિટલ 'વીર-પ્રીતિ ભગવાન મહાવીર એનિમલ કેર સેન્ટર', 'સુરત ગોપીપુરા હેરિટેજ વોક' વગેરે પ્રવૃત્તિઓના આયોજકો, સંચાલકો તથા સમગ્ર ટીમ દ્વારા પણ ક્ષમાપના કરવામાં આવે છે. શ્રી સુરત જૈન યુવક મહામંડળ, નેચર ક્લબ અને બેટર લાઇફ ફાઉન્ડેશનના આયોજક ભદ્રેશ શાહ, સંયોજક નરેશ કાપડિયા તથા સમગ્ર ટીમ દ્વારા ક્ષમા યાચવામાં આવી છે.

### સુરતના સંશોધક ડો.અધિશ રાવલની સેમિકન્ડક્ટર વર્કસ્ટેશન ડિઝાઇનને પેટન્ટ કરાઈ



સુરતઃ ભારત જ્યારે સેમિકન્ડક્ટર અને ડીપ-ટેક સંશોધન ક્ષેત્રે વૈશ્વિક સ્તરે અગ્રેસર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે સુરત શહેરના યુવા સંશોધક ડો.અધિશ વિનોદભાઈ રાવલે એક મોટી રાષ્ટ્રીય સિદ્ધિ હાંસલ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ તૈયાર કરાયેલી 'એડેપ્ટીવ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન વર્કસ્ટેશન' નામની અદ્યતન ડિઝાઇનને ભારત સરકારના પેટન્ટ કાર્યાલય દ્વારા સત્તાવાર રીતે ડિઝાઇન પેટન્ટ ગ્રાન્ટ કરવામાં આવી છે. ડો.રાવલ દ્વારા વિકસિત આ વર્કસ્ટેશનનો મુખ્ય ઉદ્દેશ ભવિષ્યની એવી સ્માર્ટ લેબોરેટરી બનાવવાનો છે, જ્યાં તમામ ફેબ્રિકેશન અને મટિરિયલ પ્રોસેસિંગ એક જ મોડ્યુલર પ્લેટફોર્મ પર થઈ શકે. ડો.અધિશ રાવલે સુરતની પ્રતિષ્ઠિત SVNIT સંસ્થામાંથી ફિઝિક્સ (મટિરિયલ્સ સાયન્સ એન્ડ નેનોટેક્નોલોજી)માં પીએચ.ડી. પૂર્ણ કર્યું છે.

### જુનિયર વકીલ માટે કારકિર્દી માર્ગદર્શન અને કાયદાકીય સેમિનાર યોજાયો

સુરત : સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા જુનિયર વકીલો માટે કાયદાકીય જ્ઞાન, વ્યવસાયિક માર્ગદર્શન અને કારકિર્દી વિકાસને કેન્દ્રમાં રાખી એક જ્ઞાનવર્ધક સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારમાં સિનિયર એડવોકેટ મનીષ દેસાઈ દ્વારા જુનિયર વકીલ મિત્રોને વકીલાતના વ્યવસાયમાં આગળ વધવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ સેમિનારનો મુખ્ય હેતુ જુનિયર વકીલને યોગ્ય દિશા, વ્યવસાયિક માર્ગદર્શન અને કાયદાકીય જ્ઞાન પૂરું પાડી તેમની કારકિર્દીના વિકાસમાં સહભાગી બનવાનો હતો.